3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૧૦ • અંક-૩૮ • સળંગ અંક - ૨૪૫૫ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૦૮.૩૭
સંવત - ૨૦૮૨
જેઠ વદ-૧૦, બુધવાર
તા. ૦૮-૦૭-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૭.૧૮.૨૧

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.** | **'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'** | **www.kutchipatrika.org**



**બાડા**ના **શ્રી શૈલેષ ગડા** (ઉ.૪૧) તા. ૪-૭-૨૦૨૬ ના રોજ ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઈ ઓભાયા ગડાના પૌત્ર. સ્વ. કંચનબેન કાંતિલાલ ના પુત્ર. પુનમના પતિ. જીલ, અંશના પિતા. સ્વ. દિપકના ભાઈ. જ્યોતિના દેર. વૃષ્ટિ, દક્ષના કાકા. મેરાઉના સ્વ.લક્ષ્મીબેન દામજી હેણીયાના દોહિત્ર. સુરેન્દ્રનગરના પદમાબેન ધીરજલાલ કપુરીયાના જમાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. કંચન ગડા, સી-૧/૪૧૯, ઓમકાર, એસ.આર.એ. બિલ્ડીંગ, જાન ભોયે નગર, શાંતરામ તળાવ, મલાડ (ઈ), કુરાર વિલેજ. મુંબઈ-૯૭. આશા દેવેન્દ્ર વોરા-૯૨૨૬૧૫૨૬૮૪.

4/1/1 --------- (1-1)



**દેવપુર**ના **કરણ નરેન્દ્ર ગાલા** (ઉંમર ૪૨) તારીખ ૪-૭-૨૦૨૬ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. શાંતાબેન લીલાધર ઘેલાના પૌત્ર કલ્પના નરેન્દ્રના પુત્ર. ભક્તિના પતિ. તે શેરડીના વિજયાબેન ઉજમશી, હેમા મણીલાલ, નાગલપુરના સ્વ. ચંદ્રીકા હરખચંદ, મોટા આસંબીયા ઈંદિરા અશ્વિન, ભોજાયના નલીની પંકજ, દર્શના નરેશના ભત્રીજા. નરેડી ગીતાબેન રાયચંદના દોહિત્ર. સાભરાઈ ભાવના ભરત, શેરડી ભામિની પ્રદીપ, દેઢીયા લીના ભાવેશ, ગૌતમ કલાના ભાણેજ. મોટી ખાખર સ્વ. નાનબાઈ ચાંપશીના પૌત્રી વર. સ્વ ધનવંતી તલકશીના જમાઈ. તલવાણા દમયંતી મોરારજીના દોહિત્રી વર. પ્રતીક, ભુજપુર અંકિતા હિરલના બનેવી. બિદડા મીતા પુષ્પમ, નેહલ કલ્પેશ, ભાવેશ શિલ્પા, નિકુંજ લીશા, મોટી ખાખર જ્યોતિ જયેશ, કોડાય હેતલ અતુલ, મહેશ દિપ્તી, ધવલ જિગ્ના, પિયુષ ડોલર, ગઢશીશા હેતલ ચંદ્રેશ, રિધમ પ્રિયાંકા, મોટા આસંબીયા મૈત્રી મોનીષ, પત્રી સૃષ્ટિ ધવલ, દ્રષ્ટી અથર્વ, મયંક ક્રીના, નરેડી નુપુર દીપ, પાયલ સન્ની, વિનયી આકાશ, સંયમ, ચુનમયના ભાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠેકાણું : નરેન્દ્ર લીલાધર ગાલા, એ/૫, જવાહર સોસાયટી, સાંગલી-૪૧૬૪૧૬. મોબાઈલ નરેન્દ્રભાઈ-૯૩૭૩૩૦૩૩૩૦, તલકશીભાઈ-૯૫૬૧૪૧૦૧૨૯.

4/1/1 --------- (1-2)

## મહિલા સંસ્થા સમાચાર

**ખાસ નોંધ : નાગલપુર નિહારીકા નંદન શ્રી કોડાય જાગૃતિ મહીલા મંડળ**

અતિભારે વરસાદ તથા વર્તમાન હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તા. ૯ જુલાઈ, ગુરૂવારનાં રોજ યોજાનારો શ્રીમતી પંકિતા ગાલાનો "I Am The Best" કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવ્યો છે. નવી તારીખની જાણ કરાશે. લિ. કન્વીનર.

4/1/1(21) --------- (A-6762)(1-3)



**દેશલપુર (કંઠી)**ના **મનોજ જયંતિલાલ ગાલા** (ઉં.વ. ૫૧) તા. ૬-૭-૨૬ના હાર્ટફેલથી અરિહંતશરણ પામ્યા છે. હીરબાઈ વિરજી ગેલુના પૌત્ર. ભારતી જયંતિલાલના પુત્ર. અર્પિતાના પતિ. વિરતીના પિતા. નિપુલના ભાઈ. ઉર્વીના જેઠ. કાવ્યના મોટા પપ્પા. ભાનુબેન ખીમજી, ભાનુબેન જેઠાલાલ, વિમળાબેન માવજી, વિમળાબેન તલકશી, વસનજી, રામાણીયાના મધુબેન વસંતલાલના ભત્રીજા. મો. ખાખર સાકરબેન જેવત ઉમરશીના દોહિત્ર. ગોધરાના જેઠીબાઈ નાનજી નાગશી છેડાના દોહિત્રી વર. તલવાણાના વેજબાઈ રતનશી રવજી ના દોહિત્રી વર તુલ્ય. કોડાયના શોભનાબેન હેમચંદ લાલનના જમાઈ. ભાવિકા ભાવીન લાલનના બનેવી. ખુશીના ફુઆ. નિર્મળા દિનેશ, દિપ્તી સુનીલ, લલીત, લુણીના પ્રભા ચુનીલાલ, નાંગલપુરના સરલા નવિન. દેશલપુરના સુમિત્રા ખુશાલના ભત્રીજી વર. બાડાના મંજુલા કુંવરજી, નવાવાસના ભારતી ગીરીશ, ગોધરાના મિનલ ગીરીશના ભાણેજીવર. **ત્વચાદાન-ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના : શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સંઘ કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી 3.30.** નિ. જયંતિલાલ ગાલા, પારકર સદન, રૂમ નં. ૧૧, પ્લોટ ડી-૪૦, ગાંવઠણ રોડ ૧, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧. નિપુલ-૯૮૨૦૨૩૨૪૩૯, ભાવિન-૯૮૧૯૮૮૩૮૬૫.

4/1/1 --------- (1-4)



**નાના રતડીયા**ના **શ્રી દેવેન્દ્ર પદમશી ગડા** (ઉ.વ. ૭૪) તા. ૬-૭-૨૦૨૬ ના અવસાન પામેલ છે. નેણબાઈ તલકશી ના પૌત્ર. ગોરબાઈ પદમશીના સુપુત્ર. ચંચળના પતિ. દિપેશ, ભાવેશના પિતા. જ્યોતિ, અલ્પાના સસરા. ક્રિશા, તીર્થના દાદા. જગદીશ, વિપીન, દિપક, પરેશ, મહેશ, ખુશાલ, ઉનડોઠ દમયંતી ચુનીલાલ, ડોણ હિના હેમલના ભાઈ. ઉનડોઠ ચુનીલાલ દામજી, ડોણ ના હેમલ વેણીકના સાલ. ચંદ્રીકા, રમીલા, સંગિતા, રંજન, ગુણવંતી, વંદનાના જેઠ. કેયુર, કવિશ, કૃતિકા, પ્રાચી, માપર અવની નિરમય, ગુંદાલા અંકિતા કિરણ, કોડાય જલ્પા હેપીન, પંક્તી જીગરના મોટા પપ્પા. કિંજલના મોટા સસરા. ઉનડોઠ દિપક, સુમિત, ડોણ પાર્શ્વના મામા. સ્નેહાના મામાઈ સસરા. દેવપુર માલબાઈ ગોસર જેઠા ગાલાના દોહિત્ર. મેરાઉ વેજબાઈ પુનશી રણશીના જમાઈ. કાંતી, નવીન, વાંઢના હેમલતા દેવજી, નાગલપુર જવેર ખુશાલ, મેરાઉ અરૂણા નવીન, બારોઈ કુસુમ ભરતના બનેવી. ભારતી, વાસંતીના નણંદોઈ. મેરાઉ લાલજી, શિવજી રણશીના ભત્રીજીવર. નવાવાસ વેલબાઈ મુરજી દેવશીના દોહિત્રીવર. રાયણ નાનજી રામજી, ભરત ટોકરશીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. દિપેશ ગડા, ૨/૮, ધીરજ પેલેસ, ડી.એન.સી.સ્કુલની સામે, નાંદીવલી રોડ, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧. દીપેશ-૯૦૨૯૨૩૩૨૦૬, વિપીન-૯૩૨૦૮૭૩૩૭૨.

4/1/1 --------- (1-5)



**શેરડી**ના **શ્રી નવીનચંદ્ર દામજી હરિયા** (ઉ વ. ૭૪) તા.૬-૭-૨૦૨૬ના અરિહંત શરણ થયેલ છે. વેલબાઈ વેરશીના પૌત્ર. ભાણબાઈ દામજીના પુત્ર. નિર્મળાના પતિ. નેહલ, મિત્તલના પિતા. વિપુલ, રણજીતના સસરા. મીત, નવ્યા, માહીના નાના. શેરડીના સા.શ્રી હ્રીંકારગુણાશ્રીજીના મામા. મેરાવા લક્ષ્મીબેન (સા.શ્રી અશોકવૃક્ષગુણાશ્રીજી) મૂલચંદના ભાઈ. સાકરબેન શામજી, વેજબાઈ રતનશી, તેજબાઈ કુંવરજીના ભત્રીજા. ગાંગજી કારૂ, ઉમરબાઈ કુરપાર, કંકુબાઈ રતનશી, જેઠીબાઈ હીરજીના ભાણેજ. ખીમજી, શાંતિલાલ, ગઢશીશા સ્વ.નવલબેન, ચંદનબેન પ્રેમજી, શેરડી અમૃતબેન લક્ષ્મીચંદ, કોટડા મેનાબેન ભવાનજી, ગઢશીશા ઉર્મિલાબેન દામજીના ભાઈ. ઝવેરબેનના દિયર. સરોજબેનના જેઠ. માતુશ્રી ભાણબાઈ ખેરાજ ભાણજી ગોસર (ટાયાણી પરિવાર) ના જમાઈ. વીઢ અમૃતબેન કાંતિલાલ ગાલા, હાલાપુર શાંતાબેન ખીમજી હરીયા, દમયંતીબેન દેવરાજ હરીયાના બનેવી. શેરડી અમૃતબેન લીલાધર, સાંગલીના માનિક સૂર્યકાંતના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** એમના આત્માની શાંતિ અર્થે ૧૨ નવકાર ગણવા. નિ. નિર્મળા હરીયા, ૪ સી, ગૌતમ ટાવર, ગોખલે રોડ, નૌપાડા, થાણા (વે)-૬૦૨. નિર્મળા-૯૮૨૦૭૧૮૯૫૦.

4/1/1 --------- (1-6)



**લુણી**નાં **વનિતાબેન (વેલબાઈ) સોની** (ઉ. ૭૭) ૬-૭-૨૬નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વસનજી રવજીનાં પુત્રવધુ. હરખચંદના પત્ની. કમલેશના માતા. સંગીતાના સાસુ. રીધમ, વિરાંશીના દાદી. જાદવજી, દેવચંદ, ભવાનજી, રમણીક, પ્રવિણ, શરદ, છસરા રંજન ચંદ્રકાંત, ગુંદાલા દમયંતી પ્રદીપના ભાભી. રૂક્ષ્મણી, કલ્પનાના જેઠાણી. ઉષા દિપેશ, ચાર્મી દર્શક, વિધિ હર્ષક, ટુંડા રેખા અશ્વિન, કાંડાગરા મનીષા ભાવેશના મોટા મા. પ્રીતી નીખીલ, ધ્વનિ મીતેન, વાંકી બિંદુ હીરેન, શીતલ, રામાણીયા રીચા પિયુષના મામી. ર. ગણેશ દેવુ ટાઈયા, છસરા કુંવરજી ઘેલાના દો. વધુ. છસરા લક્ષ્મીબેન વીરજી ઉકેડાના પુત્રી. ભોરારા ચંચળબેન ચીમનલાલ, ર. ગણેશ જયાબેન દામજી, રમેશના બેન. નયનાના નણંદ. મણીલાલ, નેમજી, મુંદ્રા તરલા મનસુખના બેન. બારોઈ રાજુલ સમીર, છસરા ધારા રોનકના ફુઈ. કપાયા નાગઈબેન શામજી ઉકેડાના દોહીત્રી. વડાલા દિપા અનીલ, જામનગર છાયા મનેષ, ના. આસંબીયા નિલમ અશોક, મોખા જીજ્ઞા હરેશ, કપાયા રીંકુ પ્રિતેષ, ર. ગણેશ ચાર્મી રોહનના માસી. રામજી, પ્રેમજી, વિજપારના ભત્રીજી. ર. ગણેશ પાનબાઈ રામજીના ભાણેજી. ભુજપુર કાંતા (હંસા), દેવચંદ હરશીના વેવાણ. મો. ખાખર દર્શના નિરેન, મીતા, ડીમ્પલના માતાતુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. કમલેશ સોની, ૧૦૪/૧૧૦૧, ઓમ મકરંદ હા.સો., પંતનગર, ઘાટકોપર (ઈ), મું. ૭૫. પ્રવીણ-૯૮૭૦૧૦૪૬૩૬, કમલેશ-૯૯૬૭૨૧૯૧૬૮.

4/1/1 --------- (1-7)

SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER - GHATKOPAR
Derasar Lane, Ghatkopar-East

Chiropractor & Naturapathy
Dr. Kaustubh Salvi
N.D.
On Appointment

Naturapathy & Accupuncture
Rajesh S. Jaiswal
Naturopath &
Maharashtra Council Regd.
Acupuncture Practitioner
On Appointment

Naturapathy
Bhavna Magdani
NDDY Naturopathy Yoga
Gandhi National Academy (Regd.)
Monday to Saturday

For Appointment Call
8454888711

**શ્રી કારાઘોઘા કરૂણા જીવદયાપ્રેમી શ્રી ચીમનલાલ મુરજી છેડા સુવર્ણ લગ્ન જયંતિ અનુદાન**

કારાઘોઘા ના માતુશ્રી તેજબાઈ મુરજી હંસરાજ છેડા ના સુપુત્ર - પુત્રવધુ શ્રીમતી ઉર્મિલાબેન ચીમનલાલ મુરજી છેડા પરમ કૃપાળુ દેવ, ગુરુભગવંતો તથા વડીલોના આશીર્વાદથી તેમના સફળ દાંપત્ય જીવનના ૫૦ વર્ષ (સુવર્ણ લગ્નજયંતિ તા.૫/૭/૨૬) પૂર્ણ થવાના પાવન અવસરે સેવા અને પુણ્યકાર્ય સાથે ઉજવતા જીવદયા માં રૂ. ૫૦૦૦/- સ્થાનિકે ભોજનશાળા ફંડ ફાળા માં રૂ. ૫૦૦૦/- અને સ્થાનિકે સેનેટોરીયમ ના નિભાવ ફાળામાં રૂ.૫૦૦૦/- (કુલ રૂ.૧૫૦૦૦/-) નું અમૂલ્ય અનુદાન અર્પણ કરેલ છે. પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે આ સેવાકાર્ય સર્વજીવોના કલ્યાણનું નિમિત્ત બને અને સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા આરોગ્યનો વાસ રહે. લી. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ વતી મંત્રીઓ શ્રી અનિલ હેમરાજ શેઠિયા અને શ્રી કિરણ વલ્લભજી વીરા (સૌજન્ય : શ્રી કાંતિલાલ (ગિજુભાઈ) પ્રેમજી મારૂ-મે. ક્લાસિક સ્ટીલ્સ-ભૂલેશ્વર-મુંબઈ ૨)

4/1/1(20) --------- (A-6761)(1-8)

# સંસ્થાકીય મિટીંગ

### શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ અને મહાજન સામાન્ય સભા બાબત

શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ અને મહાજનની સામાન્ય સભાનું આયોજન તા. ૧૯/૦૭/૨૦૨૬ ને રવિવાર ના રોજ કરવામાં આવેલ છે.

● સ્થળ : શ્રી કચ્છી વિસા ઓશવાલ મહાજન વાડી (ચીંચપોકલી) ૭૦, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, એ હોલ, ચીંચપોકલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૨.

● સમય : બપોરે ૩:૪૫ વાગ્યેથી.

● કાર્યસૂચિ : (એજન્ડા) ૧. ગત મિટિંગની મિનિટસનું વાંચન અને બહાલી. ૨. સ્થાનિક લાયબ્રેરીના નુતનીકરણ માટે શ્રી લાલજી નેણશી સાવલા તરફથી પ્રાપ્ત થયેલ ઓફર અંગે મંજૂરી આપવા તથા જરૂરી કાર્યવાહી આગળ વધારવા બાબત. ૩. સ્થાનિકના જૂના સ્થાનક નું નુતનીકરણ તેમજ તેની બાજુમાં શ્રી અમૃતલાલ ભાણજી સૈયા તરફથી સંઘને અર્પણ કરવામાં આવેલ નવી જગ્યામાં નવા બાંધકામ માટે શ્રી વિનયચંદ્ર નાનજી સંગોઈ પરીવાર તરફથી પ્રાપ્ત થયેલ ઓફર ને મંજૂરી આપવા તથા જરૂરી કાર્યવાહી આગળ વધારવા બાબત. ૪. મુંબઈના સંઘપતિ શ્રી ભોગીલાલ પ્રેમજી છેડા દ્વારા રજૂ કરવામાં આવેલ રાજીનામું સ્વીકારવા સંઘપતિની નિમણૂક કરવા બાબત. ૫. વર્ષ ૨૦૨૫-૨૬ ના હિસાબની રજૂઆત કરી બહાલી આપવી. ૬. પ્રમુખશ્રી ની મંજૂરીથી જે રજૂ થાય તે અન્ય વિષયો. ગામના સર્વ શ્રાવકો તથા શ્રાવિકાઓને આ મહત્વપૂર્ણ સભામાં બહોળી સંખ્યામાં હાજરી આપવા નમ્ર વિનંતી કરવામાં આવે છે. (નોંધ : સભા બાદ સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.) વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. લી. શ્રી કારાઘોઘા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ અને મહાજન વતી – સર્વ ટ્રસ્ટીગણ. (સૌજન્ય:- મે. એશિયન ઈલેક્ટ્રિકલ્સ, લોહાર ચાલ, મુંબઈ – ૨)

4/1/1(5) -------- (A-6734)(2-1)

### દુકાન ભાડે આપવી છે

દાદર વેસ્ટમાં, S.K. બોલે રોડ, પ્રાઈમ લોકેશનમાં ૪૦૦ ફુટ કાર્પેટ, ૧૩ ફૂટ હાઈટ, ૧૨ ફૂટ દર્શન, W.C. સાથેની પ્લાયવુડ, સનમાઈકા, હાર્ડવેર, પેઈંટ, ગ્લાસ, એલ્યુમિનિયમ, ડ્રાયફ્રુટ જનરલ સ્ટોર, મેડિકલ, ડોક્ટર વગેરે માટે ઉત્તમ જગ્યા ભાડેથી આપવી છે. સંપર્ક : કેતન ગાલા : 9892077714, 9224455262.

2/1/1(14) -------- (B-6723)(2-2)

# જીવદયા અનુદાન

### ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫

મોરબી દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન

● ૫૦૦૦/- ન્યુ કરણી કૃપા મોબાઈલ હ. ગજેન્દ્રસિંહ ભાટી
● ૩૭૦૦/- રામદેવ મોબાઈલ હ. અમૃતભાઈ રબારી
● ૨૭૦૦/- મા આશાપુરા મોબાઈલ-૧-વેઢાર
● ૨૨૩૫/- રામદેવ એલ.સી.ડી. એન્ડ મોબાઈલ એક્સેસરીઝ
● ૨૨૦૦/- મા આશાપુરા મોબાઈલ હ. જાડેજા ગોવુભા જશુભા-બેરાચીયા
● ૨૨૦૦/- શ્રી રામદેવ હોટલ રાજસ્થાની હ. નિર્મલભાઈ
● ૨૨૦૦/- કુળદેવી મોબાઈલ હ. હરીભાઈ રબારી
● ૨૧૦૦/- મા આશાપુરા મોબાઈલ હ. પ્રદીપસિંહ જાડેજા-બેરાચીયા
● ૨૧૦૦/- મહાદેવ મોબાઈલ હ. લક્ષ્મી કુમારી રબારી
● ૨૦૦૦/- મોબાઈલ માર્ટ હ. શંકરસિંહ સોઢા
● ૨૦૦૦/- મા આશાપુરા મોબાઈલ-૨-વેઢાર
● ૨૦૦૦/- પટેલ મોબાઈલ હ. હીતેશભાઈ પટેલ
● ૧૮૭૦/- કનૈયા પાન
● ૧૮૦૦/- મા કૃપા જનરલ સ્ટોર
● ૧૭૭૦/- શિવ શક્તિ માર્કેટીંગ
● ૧૫૫૦/- સીતારામ જનરલ સ્ટોર
● ૧૫૫૦/- નંદની મોબાઈલ
● ૧૫૩૦/- જનતા ઈલેક્ટ્રીક એન્ડ પાવર ટુલ્સ
● ૧૫૦૦/- શ્રી રામ મોબાઈલ હ. બાબુભાઈ રબારી
● ૧૫૦૦/- શ્રી મા આશાપુરા મોબાઈલ હ. મહેર બલવીરસિંહ
● ૧૩૮૦/- જય મહાદેવ કીરાણા સ્ટોર
● ૧૩૭૫/- ઉમીયા કીરાણા સ્ટોર હ. જગદીશભાઈ પટેલ
● ૧૩૫૦/- કાલી ફાસ્ટફુડ એન્ડ રેસ્ટોરન્ટ
● ૧૩૦૦/- મા મોગલ મોબાઈલ
● ૧૩૦૦/- શિવ શક્તિ કરીયાણા હોલસેલ હ. સાજનભાઈ રબારી
● ૧૨૭૦/- હરસિદ્ધી કીરાણા ભંડાર
● ૧૨૫૦/- ગુરૂદેવ સ્ટેશનરી એન્ડ ઝેરોક્સ હ. મનસુખભાઈ ભુદરભાઈ બરાસડા-જોધપુરનદી
● ૧૨૨૦/- નીરામય ક્લીનીક
● ૧૧૨૦/- વરમોરા એન્જીનીયરીંગ વર્કસ હ. નકુમ કેશવજી
● ૧૧૦૦/- બાલાજી બીકાનેર સ્વીટ હ. મંગલરાજ મહારાજ
● ૧૧૦૦/- આશાપુરા મોબાઈલ હ. વી.એસ. જાડેજા-નાના કાંડાગરા
● ૧૧૦૦/- કૈલાસભાઈ / વાસુદેવભાઈ
● ૧૧૦૦/- શ્રી બહુચરાજી કીરાણા એન્ડ જનરલ સ્ટોર
● ૧૧૦૦/- ગુરૂકૃપા હોટેલ
● ૧૧૦૦/- ન્યુ જય ચામુંડા મા કીરાણા સ્ટોર
● ૧૧૦૦/- શીવમ એક્સેસરીઝ
● લિ. ગીરીશભાઈ નાગડા (નરેડી) ૯૯૨૫૬૨૧૧૦૮, શંકરભાઈ સોઢા- ૯૭૨૬૩૫૨૩૬૬

4/1/1(4) -------- (A-6705)(2-3)

### ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫

● ૫૪૦૦/- ગીરીશ લાલજી ગડાનાં જન્મ દિવસ નિમિત્તે સ્વ. પલ્લવી ગીરીશ ગડાના સ્મરણાર્થે હ. ગીરીશ લાલજી ગડા : ૨ વૃક્ષ દત્તક : મસ્જીદ બંદર-ભુજપુર.
● ૪૦૦૦/- ઈલા મનોજ છેડાનાં લગ્ન દિવસ નિમિત્તે : મુલુંડ-મોટા આસંબીયા
● ૨૫૦૦/- ભાવિન મહેન્દ્ર ભેદાનાં જન્મ દિવસ નિમિત્તે : ડોંબીવલી-મોખા
● ૨૫૦૦/- કસ્તુરબેન ધનજી કેનીયાનાં જન્મ દિવસ નિમિત્તે : ઘાટકોપર-બારોઈ
● ૨૧૦૦/- અંકિત રાજેન્દ્ર વીરાનાં જન્મ દિવસ નિમિત્તે : ઘાટકોપર-દેવપુર
● ૨૦૦૦/- રમણીકલાલ રામજી મામણીયાનાં સ્મરણાર્થે હસ્તે મંજુલાબેન મામણીયા
● ૨૫૦૦/- જેકીન, ધ્રુતી, મીના નીતીન શાહ : દાદર-રાયણ
● ૧૧૧૧/- સચીન અરવિંદ ફુરીયાનાં જન્મ દિવસ નિમિત્તે : ડોંબીવલી-નાની ખાખર.
● ૧૧૦૦/- મીલી જયંત દેઢીયાનાં જન્મ દિવસ નિમિત્તે : મુલુંડ-નવાવાસ
● ૧૧૦૦/- નલીની ગીરીશ છેડાના જન્મ દિવસ નિમિત્તે : ઘાટકોપર-કુંદરોડી.
● લિ. નીતીન શાહ (મોટી ખાખર) ૯૩૨૨૨૬૬૫૯૩, અતુલ દેઢીયા (મોખા) ૯૮૨૧૧૪૯૧૨૩.

4/1/1(5) -------- (A-6704)(2-4)

### શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)

૧૨૬૦૦/- હરશી કલ્પેશ શાહ-સામખીયારી, ૧૬૪૪૪/- લક્ષ્મીચંદ નાનજી શાહ : મેરાઉ (વડોદરા), ૧૦૧૦૦/- નિમેશભાઈ નવિનભાઈ વેલજી ગડા : મો. રાયણ (જમણ), ૧૧૦૦/- મનોજ હરખચંદ ગડા (ગૌશાળા માટે) ભોજાય, ૫૬૬૫/- અમીતા અશોક જવેરી : નાંગલપુર હાલ મુંબઈ (જમણ), ૬૫૦૦/- તનુજાબેન મહેતા - મુંબઈ (જમણ), ૨૫૨૫/- રાહુલ ભગવાનજી નિસર-ગાગોદર, ૧૧૦૦/- હરીશ જીવરાજ શાહ : રાયધણજર હાલ થાણા અમૃતબેન જીવરાજ ખીમસીયાનાં ૭૨માં જ.દિ. નિમિત્તે. આશ્રમમાં રહેતા નિઃસહાય, વયોવૃધ્ધ તથા માનસિક નિરાધાર આશ્રમવાસી પ્રત્યે નિઃસ્વાર્થ ભાવે દાન આપવા બદલ આપનો ખુબ ખુબ આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે. ૯૦૦૪૬૪૬૦૪૪, ૯૮૨૦૭૩૭૭૭૪.

4/1/1(2) -------- (A-6484)(2-5)

### (JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે ધોધ નીચે નહાવું નહીં. (અપકાય જીવોની જતના કરવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
● JYF હેલ્પલાઈન નંબર 8591438983.
● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(9) -------- (A-6718)(2-6)

### શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

એક ગાય દત્તક

● રૂ. ૧૧૦૦૦/- ગામ : બિદડાનાં શ્રીમતી પ્રભાબેન શામજી હેમરાજ વોરા તા. ૦૫-૦૭-૨૦૨૬નાં લગ્ન જીવનની ૫૦મી વર્ષગાંઠ (એનીવર્સરી) પ્રસંગે એક ગાય દત્તક હસ્તે શ્રીમતી નેહાબેન દિપેશ સાવલા. આ પ્રસંગે અબોલ જીવોને યાદ કરી જીવદયા અનુદાન કરવા બદલ સંસ્થા ખુબ ખુબ અનુમોદના કરે છે. એમનું લગ્ન જીવન સુખી, સમૃધ્ધિ અને નિર્વિઘ્ન રહે એ જ ગૌમાતા અને પ્રભુને પ્રાર્થના. ગૌમાતાનાં આશીર્વાદ સદૈવ એમનાં અને એમનાં પરીવાર ઉપર વરસતા રહે સહ આભાર.

● CSR & 80 G Tax Benefit Available.
● સંપર્ક : પ્રદીપ સાવલા-૯૮૨૦૧૩૯૫૪૦, ધીરજ સાવલા-૯૮૬૯૩૮૨૬૫૮.

4/1/1(8) -------- (A-6738)(2-7)

### શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

એક ગાય દત્તક

● રૂ. ૧૧૦૦૧/- ગામ : બિદડાનાં શ્રીમાન વલ્લભજીભાઈ દેવજી શાહની ૫મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ખુશાલી કેનીલ પરેશ ગાલા-સાડાઉ તરફથી એક ગાય દત્તક. આ પરીવાર અવાર-નવાર અબોલ જીવોને યાદ કરી અનુદાન કરતા હોય છે. જીવો પ્રત્યે અપાર લાગણી ધરાવતા આ પરીવારનો સંસ્થા ખુબ ખુબ અનુમોદના કરે છે. સદ્ગતનો આત્મા શીઘ્રતિશીઘ્ર મોક્ષ ગતિ પામે એ જ સંસ્થા વતી ગૌમાતા અને પ્રભુને પ્રાર્થના સહ આભાર.

● CSR & 80 G Tax Benefit Available.
● સંપર્ક : ભરત ફુરીયા-૯૩૨૦૦૧૨૬૦૯, નરેશ નંદુ-૯૮૯૨૦૪૦૨૬૩.

4/1/1(7) -------- (A-6739)(2-8)

# આભાર

### ઋણ સ્વીકાર

ગોધરો ના વલ્લભજીભાઈ દેઢીયા ના અવસાન વખતે ખારી માની સેવા, અંતિમ વિધી નો સંપૂર્ણ સામાન અને એમ્બુલેન્સ સેવા વરસાદી માહોલ હોવા છતા પણ સમયસર પહોંચી આવી સેવા આપવા બદલ દેઢીયા પરિવાર દાતા પરિવાર

● શ્રીમતી બિનાબેન રાજેશ છેડા. (જસ્ટ ઈન ટાઈમ) ગામ - બિદડા ના સ્મરણાર્થે
● ખારી માની સેવા, અંતિમ વિધી નો સંપૂર્ણ સામાન અને એમ્બુલેન્સ સેવા અને
● સંચાલક : શ્રી ક.વી.ઓ.દ્રષ્ટિ ફાઉંડેશન ફોર ધ બ્લાઈન્ડનો સેવા પુરી પાડવા બદલ હૃદય પુર્વક આભાર માને છે અને એમનો સદાય ઋણી રહેશે.

4/1/1(19) -------- (B-6749)(2-9)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

## ૫૨-૪૨-૨૪ ગામના કચ્છી વીસા દેરાવાસી-સ્થાનકવાસી, કચ્છી દસા ઓસવાલ જૈન મહાજનો માટે
## ડીજીટલ યુગમાં પ્રથમ પગલું...

### સંપ-સંગઠન-સંપર્ક સાથે સુદ્રઢ સમાજ તરફ દેરાવાસી મહાજનની આવકાર દાયક પહેલ...

દેરાવાસી મહાજનના ચેરમેન, પ્રમુખ, કોર કમિટી, ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કારોબારી સમિતીની સંઘ સંગઠન ની ભાવના, દીર્ઘદ્રષ્ટિતા, સમાજની એકતા, પરસ્પર જોડાણ અને આવનારી પેઢી માટે ઉપયોગી માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ થાય એવા શુભ હેતુથી મહાજનશ્રી દ્વારા વિશેષ ડિજિટલ વેબસાઈટ શરૂ કરવામાં આવી રહી છે.

Digital India
Power To Empower

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા
ડિજીટલ ઈંડિયાના ૧૧ વર્ષની પૂર્ણાહુતિ
નિમિતે

**એક સમાજ**
**એક ઓળખ**
**એક ડિજિટલ**
**પરિવાર**

### વેબસાઈટની વિશેષતા ::

* કચ્છના દરેક ગામ માટે અલગ-અલગ પેજ આપવામાં આવશે.
* દરેક ગામના દેરાસર, ભગવાનની વિગત આવશે.
* દરેક ગામના ઉપાશ્રય, સ્થાનક, મહાજનવાડી વિગેરેની વિગત આવશે.
* આપના ગામનો ઈતિહાસ તથા શ્રી સંઘની માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે.
* આપના ગામમાં થતી વિવિધ પ્રવૃત્તિઓની (ધાર્મિક-સામાજિક) માહિતી આવશે.
* ટ્રસ્ટી-પદાધિકારીના નામ, નંબર અહિં પ્રાપ્ત થશે.
* આપના ગામની વિશેષતા જેવા કે અન્ય મંદિરો, પાંજરાપોળ, સ્કૂલો એવા કોઈપણ વિશેષ ઈતિહાસ સર્જક સંપતિ અહિં નાખી શકાશે.

**આપણા**
**ગામની ઓળખ,**
**હવે એક ક્લિકમાં**

### વેબસાઈટની બનાવવાનો હેતુ ::

* સમગ્ર સમાજને ડિજીટલ મંચ ઉપર જોડવાનો...
* આખા સમાજની એકતા, પ્રેમ અને પરસ્પર વિશ્વાસ તરફ પગલું મંડાય...
* ભવિષ્ય માટેનું ડિજીટલ દસ્તાવેજીકરણ તૈયાર થાય...
* આવનારી પેઢી માટે ગામની માહિતિ એક જ સ્થળે ઉપલબ્ધ થાય...
* ગામમાં થતી પ્રવૃત્તિઓ બીજા ગામો માટે પ્રેરણાદાયી બને...
* દરેક ગામની પ્રવૃત્તિઓની સરાહના તથા સાથ સહકાર પ્રાપ્ત થાય...

કચ્છની સંસ્કૃતિ, હવે ડિજિટલ દુનિયામાં



### ખાસ નોંધ ::

* આ વેબસાઈટની વિશેષતા એ છે કે સમયાંતરે દરેક ગામને પોતાની માહિતીમાં સુધારા તથા ઉમેરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
* ભવિષ્યમાં મહાજન દ્વારા જાહેર થનારા વિવિધ અભિયાનોનો આપના ગામને તથા ગામવાસીઓને એનો લાભ મળશે.

**તો ચાલો આ ડિજીટલ અભિયાનને સફળ બનાવવા સૌ સાથે મળી આપણા સમાજને ડિજીટલ યુગમાં વધુ મજબુત બનાવિએ.**

SCAN THE QR CODE TO FILL THE FORM

https://forms.gle/eZCuhnPVVngFgyiU7

આપના ગામની માહિતી તથા ફોટો આપેલ ગુગલ લિંક પર અપડેટ કરશો.

આપના ગામની દેરાવાસી-સ્થાનકવાસી સંસ્થાવતી કોઈપણ એક ટ્રસ્ટી અથવા અધિકારી ઉપરોક્ત ફૉર્મ ભરશોજી

**લિ. શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન - ડિજીટલ સમિતિ વતી**

| અતુલ હંસરાજ ગોસર (કનવીનર) | કુણાલ કિશોર નંદુ (સહ કનવીનર) 98203 23290 | મનોજ નવીન વોરા (મેનેજીંગ ટ્રસ્ટી) 99203 48884 |
| --- | --- | --- |

VARDHMAN PAREL - 9819969516

**Best of West, only Mahavir Sarees SANTACRUZ - W**

જુની સાચી જરી વેંચવા માટે બજાર કરતા વધારે ભાવ આપનારી એક માત્ર દુકાન, K.V.O. - K.D.O. - Vagad V.O. સમાજની પ્રથમ પસંદગી એટલે પાંજી દુકાન
- સાચી જરીની સાડી, ચણીયા-ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ - આરી વર્કની સાડી, ચણીયા-ચોળી
- સાચી જરીનાં ચંદરવા- પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ - ઘુઘરી અથવા સાચી જરીની કોઈપણ આઈટમ બજાર કરતાં વધારે ભાવથી ખરીદશું.
- Free Home Visit any Where any Time only one call
- રોકડા રૂપિયા- સંતોષ કારક વળતર - One Shot Final મહાવીર સારીઝ, મોટી ચાલ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (W) Opp. SEASON'S શો-રૂમ રવિવાર બંધ. M.: 9137146272 - 9619554801.

2/1/1(2) -------- (B-6489)(4-1)

**અથાણાં - અથાણાં - અથાણાં**

કચ્છ (પત્રી) હીનાનાં બધી જાતનાં અથાણાં તેમજ દરેક જાતનાં ડ્રાયફ્રુટ મળશે. સંપર્ક : મનસુખલાલ રાંભીયા : Mo.No. 9321331479.

4/1/1(16) -------- (B-6736)(4-2)

**કબજિયાત ગેસ અપચો, બહાર આવેલો પેટ, માનવ સેવા હેતુ માત્ર ૫૫૦ રૂ**

પ્રણામ શરીર શુધ્ધિ ચુર્ણ જુનામાં જુની કબજીયાત નીકળી જશે, ખોરાક બરાબર પાચન થશે, ગેસ અને વાયુ ના કારણે થતાં શરીર ના દુખાવામાં ખૂબ જ ઉપયોગી છે, હીમોગ્લોબીન વધશે, બલ્ડકલોટ કોલેસ્ટ્રોલ નીકળી જશે હાર્ટએટેક થી બચાવે અને ૮૦ કરતા પણ વધુ બીમારીઓ માં કામ આવે છે એવું અકસીર ચુર્ણ નું રાહત દરે વિતરણ ચાલુ છે લાભ લેશોજી સંપર્ક : મુલુંડ નાગરીક સ્ટોર્સ 9322899766 ઘાટકોપર ઈસ્ટ ફુડસ્પોટ 9820042883 હિંદમાતા દાદર સાંતાક્રુઝ પ્રિયંકકુમાર સારીઝ 9820785289 નાલાસોપારા કેવીઓ ગૃહ ઉદ્યોગ 9820852668 બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ 269042000. સેજલ શાહ 8286224422.

4/1/1(1) -------- (B-6653)(4-3)

**પારસી વર્ક ચ. ચોલી મહાવીર માટુંગા સાચી જરી વેંચવા મહાવીર માટુંગા**

પારસી અને કચ્છી ભરત નાં ચ. ચોલી માં તૈયાર નવી ડીઝાઈનો આવેલ છે. ઓર્ડરથી બનાવવા નવી ડીઝાઇનથી મળશે. જૈન સીલ્કમાં બધા જ શેડ મળશે. સાચી જરીનાં જુના ઘરચોળા સાડીઓ, બોર્ડર સાચા બનારસી સેલા બટ કસબ ઝરીનાં નાના પીસીસ સારા ભાવે વેંચાતા લઈશુ. તરત જ કેશ પેમેન્ટ. શ્રી મહાવીર એમ્બ્રોઈડરી, HDFC ની બાજુમાં, માટુંગા. ૮૬૫૨૨૩૯૫૩૭, ૯૮૩૩૯૧૬૫૧૦.

4/1/1(1) -------- (B-6536)(4-4)


**શ્રી વાંકી આઠ કો.મો.પક્ષ સ્થા. જૈન સંઘ તા. ૧૫-૭-૨૬નાં ચાતુર્માસ પ્રવેશ સંઘ યાત્રા**

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો. શ્રી દેવ-કર્મ-નાગ-રત્ન-લધુ-પ્રાણ-વિનોદ ગુરૂભ્યો નમઃ વર્તમાન આચાર્ય પ.પૂ. શ્રી નવીનચંદ્રજી મ.સા.ને કોટી કોટી વંદન.

- દિક્ષા દાતા, શાસન પ્રભાવક, પ.પૂ. આ. ગુ. શ્રી છોટાલાલજી મ.સા.ના તથા પૂજ્ય ગુરૂણીમૈયા મણીબાઈ મહાસતીજી ટોડાવાળાના સુશિષ્યા પ.પૂ. સુનીતાબાઈ મ.સ.જી (ટોડા) અને આપણા ગામના નિયાણી પ.પૂ. મુદિતાબાઈ મ.સ.જી (છસરા) આદિ ઠાણા -૨ વાંકી સંઘના આંગણે પધારશે તેથી શ્રાવક-શ્રાવિકાઓના મન મયુર ટહુંકી રહ્યા છે.
- શ્રી સંઘને સન્માનવા, સત્કારવા, શાસનને શોભાવવા સહુ સૌભાગ્યશાળીઓ પૂજ્ય શ્રી તા.૧૭-૭-૨૬, શુક્રવાર સવારના ૮.૦૦ કલાકે ગુરૂમંદિર થી આપણા શ્રી વાંકી સ્થાનકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરવાના ભાવ રાખે છે.
- ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે તા. ૧૫-૦૭-૨૬, બુધવાર જેમણે નામો નોંધવ્યા છે. તેઓ શ્રી રાજેશ પ્રેમજી સાવલા ૮૦૮૦૫૫૦૬૮૮ને તા. ૧૧/૭/૨૬, શુક્રવાર દરમિયાન ટાઈમ ૩ થી ૫ માં ફોન દ્વારા આપના સીટ નંબર તથા તુફાન નંબર મેળવી લેશો અને સયાજી નગરી એક્સપ્રેસ- દાદર સ્ટેશન ઉપર એસ. ૨ ડબ્બા પાસે બપોરના ૨.૦૦ વાગે રાજેશ પ્રેમજી સાવલા પાસે પોતાની ટિકીટ મેળવી લેશો. તેમજ જેમણે પોતાની રીતે ટિકીટ કઢાવી છે. તેમણે પણ નામો નોંધાવી દેવા. જેથી તુફાનની વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે. ટ્રેનમાં ચોવિહારની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. પોતાની ટિકિટ ઉપર પ્રવાસ કરવા વિનંતી. રેલ્વે માન્ય ઓળખપત્ર પોતાની પાસે રાખવુ. પ્રવાસનો કઈપણ ફેરફાર હોય તો જણાવવા વિનંતી લિ. મંત્રીઓ.

4/1/1(9) -------- (A-6760)(4-5)


**કચ્છ દેવપુરની મીઠી મધુરી ખારેક**

કચ્છનો મેવો મધુરમ ઓર્ગેનિક ખારેક મેળવો સીધી ફાર્મથી તમારા ઘર સુધી. શું તમે કચ્છની મીઠી મધુર દેશી ખારેકની શોધમાં છો ? તો રાહ શેની જુઓ છો ? કચ્છનો અસલી મેવો ઘર બેઠા મંગાવો, આજે જ તમારો ઓર્ડર બુક કરાવો. ઓર્ગેનિક મધુરમ. 7070939310, 9320028104, 8797777770.

4/1/1(4) -------- (B-6735)(4-6)


**શ્રી પત્રી આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ**

- ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો.
- અનંત ઉપકારી પૂ. આચાર્ય શ્રી પુનમચંદ્રજી સ્વામીની કૃપા વરસી રહો.
- વર્તમાન આચાર્ય પૂ. શ્રી નવિનચંદ્રજી સ્વામીનેનિત્ય વંદના.
- પૂ. કોકીલાબાઈ મ. આદિ ઠાણા-૫નાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે તા. ૧૩-૭-૨૬ને સોમવારનાં રોજ શ્રી સંઘ સ્વરૂપે દેશમાં જવા જેમણે નામો નોંધાવ્યા છે તે બધાની ટીકીટો સયાજી નગરી એક્સપ્રેસમાં આવી ગઈ છે.
- આપ આપનાં સીટ નંબર તથા તુફાન નંબર શ્રી નવિન ગોગરી મો. ૯૩૨૪૧૨૦૯૮૦ પાસેથી તા. ૧૦ જુલાઈ અને ૧૧ જુલાઈ દરમ્યાન ફક્ત ટાઈમ ૩ થી ૫માં ફોન દ્વારા મેળવી લેશોજી.
- ટ્રેનમાં ચૌવિહારની વ્યવસ્થા સૌને પોતાની રીતે કરી લેવી. દાદર સ્ટેશને એસ-૨ ડબ્બા પાસે ૨ વાગ્યા સુધી શ્રી નવિન ગોગરી પાસેથી ટીકીટ મેળવી લેશોજી.
- રેલ્વે માન્ય ઓળખપત્ર સૌએ પોતાની પાસે રાખવું. પોતાની જ ટીકીટ ઉપર પ્રવાસ કરવો. બીજાની ટીકીટ ઉપર પ્રવાસ કરવાથી થનાર દંડાત્મક કાર્યવાહી માટે શ્રી સંઘ જવાબદાર રહેશે નહીં. પોતાની રીતે જેમણે ટીકીટો કઢાવી હોય તેઓએ શ્રી નવિન ગોગરી પાસે નામ નોંધાવી દેવા જેથી તુફાનની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.
- તા. ૧૪-૭-૨૬નાં રોજ શ્રી સંઘ સ્વરૂપે પધારેલ સૌની નવકારશી ભદ્રેશ્વર તીર્થમાં રહેશે. તથા બપોરનું જમણ અને સાંજના ચૌવિહારની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી ભોજનશાળામાં રહેશે અને તા. ૧૫-૭-૨૬ (પ્રવેશ દિવસ)નાં ત્રણેય ટાઈમ સાધર્મિક ભક્તિની વ્યવસ્થા દાતાશ્રીઓનાં સહયોગથી શ્રી સંઘ તરફથી સેનેટોરીયમમાં રાખવામાં આવેલ છે.
- મંગળ પ્રવેશનાં દિવસે આપણે વધુમાં વધુ આયંબીલ કરી એ દિવસને યાદગાર બનાવીએ. જેમની તા. ૧૫-૭-૨૬ (પ્રવેશ દિવસ) નાં રોજ આયંબીલ કરવાની ભાવના હોય તેમણે પોતાનું નામ શ્રી નવિન ગોગરી અથવા નિશાબેન ગોગરી પાસે નોંધાવી દેવુ. જેથી ઉચીત વ્યવસ્થા થઈ શકે. મારો સંઘ મારું યોગદાન એ યોજનાં અંતર્ગત ચાતુર્માસ ફંડમાં નામો નોંધવાનું ચાલુ છે. એક નામનાં રૂા. ૩૦૦૦/- લેખે ભરી આપ નીચેનાં સેન્ટરોએ નામો નોંધાવી રસીદ મેળવી લેશોજી.
- દાદર હિંદમાતા : શ્રી વિનોદ ધરોડ-૯૮૧૯૦૩૫૨૩૨, બોરીવલી (ઈ.) શ્રી પિયુષ ધરોડ-૯૮૨૧૪૬૯૩૯૭, મુલુંડ (વે.) શ્રી અશ્વિન વીરા-૯૮૨૦૨૪૮૦૧૨,

વધુ વિગત માટે જુઓ બાજુની કોલમ

ડોંબીવલી (ઈ.) શ્રી અનિલ દેઢીયા : ૯૮૨૦૧૫૧૩૫૭.

- ચાતુર્માસ ફંડની નામાવલીને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. તો આપ સત્વરે નામો નોંધાવી દેશોજી. બધા નામોની યાદી પત્રીકામાં પ્રસિધ્ધ થશે. તેમજ બધા નામોનું બેનર સ્થાનકમાં સંપુર્ણ ચાતુર્માસ દરમ્યાન રહેશે. અન્ય જાહેરાતો પણ ઉચીત સમયે પત્રીકામાં પ્રસિધ્ધ થશે. લિ. મંત્રીઓ.

4/1/1(3) -------- (A-6720)(4-7)

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**સંજીવની સ્વાસ્થ્ય યોજના વર્ષ ૩૧ મું**

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ સંચાલિત સંજીવની સ્વાસ્થ યોજનાના સભ્યોને પ્રીમીયમ ભરવાની આગોતરી જાણ કરવામાં આવે છે કે વર્ષ ૨૦૨૬-૨૭નું પ્રિમીયમ સ્વીકારવાનું જુલાઈના બીજા અઠવાડિયાથી શરૂ કરવામાં આવશે. ખાસ નોંધ :

- સભ્યોને ઈંસ્યોરન્સ કંપનીમાંથી આવતા મેસેજ પર કે કોઈ લીંક પર પ્રિમીયમ ભરવું નહીં.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવા સમાજ ઉપરાંત વિવિધ સેંટરો પર પ્રીમિયમ સ્વીકારવામાં આવશે.
- વધુ વિગત માટે આગામી પત્રિકા જોતા રહેવું લિ. કન્વીનર.

4/1/1(6) -------- (A-6725)(4-8)

**તા. ૮ જુલાઈ સેવા સમાજ શુભેચ્છક દાતા**

માતુશ્રી કેસરબેન ધનજી ગડાનાં સ્મરણાર્થે શ્રી ધનજી નાનજી ગડા પરીવાર (રાયણ) તરફથી.

- શ્રી હેમંત પન્નાલાલ છેડા (કુંદરોડી) નાં જન્મ દિન નિમિત્તે શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરીયલ ટ્રસ્ટ તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ શુભેચ્છક દાતા યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(18) -------- (A-6726)(4-9)


**MBA/MMS માં પ્રવેશ-મુંબઈ યુનીવર્સીટી અને AICTE દ્વારા માન્યતા પ્રાપ્ત**

મુંબઈની એક અનોખી બિઝનેસ મેનેજમેન્ટ મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવો. શ્રીમતી દીના અસિત મહેતાના વિશેષ માર્ગદર્શન હેઠળ (મુંબઈ સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ પ્રમુખ). અમે શા માટે? અમે ભારતીય અને આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ, ઉદ્યોગના અગ્રણી વ્યક્તિત્વો સાથે નિયમિત મુલાકાતો તેમજ MBA સાથે ફાઈનાન્સ અને માર્કેટિંગમાં ચાર્ટર્ડ સર્ટિફિકેશન પણ મેળવો. ખાતરીપૂર્વકની ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ. ઉદ્યોગના નિષ્ણાતો પાસેથી શીખવાની અનોખી તક. પ્રવેશ માટેની લાયકાતઃ કોઈપણ વિષયમાં ગ્રેજ્યુએશન તથા મેનેજમેન્ટ પ્રવેશ પરીક્ષા, ત્યારબાદ ઈન્ટરવ્યૂ. - KVO વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્કઃ કલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ. - વેન્ટેજ બિઝનેસ સ્કૂલ દ્વારા સંચાલિત, કાંદિવલી (વે) પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો રાજેશ દેઢિયાઃ 9967091914.

4/1/1(17) -------- (B-6727)(4-10)

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

# શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન–મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ–૪૦૦૦૧૨. સંપર્ક : ૮૩૫૫૯૯૮૬૮૯, સમય : ૧૧ થી ૫

**વ્યક્તિ સમાજ કે દેશનાં સર્વાંગી વિકાસમાં શિક્ષણનું અત્યંત મહત્વ છે. માણસની આર્થિક, સામાજીક, માનસિક પરિસ્થિતિ તેના શિક્ષણ અને ઘડતર પર આધાર રાખે છે.**

આજે શિક્ષણ ઘણું જ મોઘું થઈ ગયું છે. સામાન્ય મધ્યમ વર્ગીય પરિવારની ૨૦ થી ૨૫% આવક બાળકોના શિક્ષણ પાછળ ખર્ચાઈ જાય છે. આવી પરીસ્થિતિમાં નાણાંકિય અભાવ ને લીધે કોઈપણ વ્યક્તિ શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય એ આપણી બધાની સહીયારી જવાબદારી છે. ઉપરોક્ત બાબતને લક્ષમાં લઈ

## શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

સંચાલિત

## ધનવલ્લભ ચેરીટેબલ ટ્રસ્ટ શૈક્ષણિક ફંડ

દાતા

## આરતી પરિવાર–નાના ભાડિયા

## એજયુકેશન લોન / સ્કોલરશીપ

**ઉપરોકત એજયુકેશન ફંડમાંથી**

- ધોરણ ૮ (આઠ)મીથી ગ્રેજ્યુએશન
- પોસ્ટ ગ્રેજ્યુએશન
- ફોરેન એજ્યુકેશન

**માટે લોન / સ્કોલરશીપ આપવામાં આવશે.**

**એજ્યુકેશન ફંડનું ફોર્મ મહાજનશ્રીની વેબસાઈટ www.kvosjm.org પર ઉપલબ્ધ છે.**

લિ. શ્રી ક. વી. ઓ. સ્થાનકવાસી જૈન મહાજન

કચ્છ : દેશલપુર (કંઠી)   **અરિહંતશરણ**   હાલે : ચેમ્બુર



# શ્રી મનોજ જયંતિલાલ વીરજી ગાલા

**અરિહંતશરણ : તા. ૦૬-૦૭-૨૦૨૬ • ઉં.વ. : ૫૧**

ગજબની કાર્યદક્ષતા અને ભારોભાર ધૈર્યતાના ધારક એવો આપનો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને સત્વરે મોક્ષગતિ પ્રાપ્ત થાય એજ પ્રાર્થના...

દાદા-દાદી : માતુશ્રી હીરબાઈ વિરજી ગેલુ ગાલા ..................દેશલપુર (કંઠી)
માતા-પિતા : માતુશ્રી ભારતીબેન જયંતિલાલ વિરજી ગાલા .......દેશલપુર (કંઠી)
મોટા સાસુ-સસરા : માતુશ્રી ચંચલબેન મોરારજી વેલજી લાલન...............કોડાય
સાસુ-સસરા : માતુશ્રી શોભનાબેન હેમચંદ મોરારજી લાલન..................કોડાય
નાના-નાની : માતુશ્રી સાકરબેન જેવત ઉમરશી ગંગર .................મોટી ખાખર
નાનાઈ સાસુ-સસરા : માતુશ્રી જેઠીબેન નાનજી નાગશી છેડા ................ગોધરા
નાનાઈ સાસુ-સસરા તુલ્ય : માતુશ્રી વેજબાઈ રતનશી રવજી દેઢિયા ......તલવાણા
ધર્મપત્ની : શ્રીમતી અર્પિતા મનોજ જયંતિલાલ ગાલા ...........દેશલપુર (કંઠી)
ગુરૂમૈયા : પ. પૂ. સા. શ્રી સુનંદિતાશ્રીજી મ. સા. (શ્રી પાર્શ્વચંદ્રગચ્છ)

પુત્રી
વિરતી મનોજ ગાલા..................દેશલપુર (કંઠી)

પુત્ર તુલ્ય
કાવ્ય નિપુલ ગાલા ..................દેશલપુર (કંઠી)

ભાઈ-ભાભી
ઉર્વી નિપુલ ગાલા....................દેશલપુર (કંઠી)

બેન તુલ્ય
ચંદન વિપુલ મણીલાલ સાવલા ............કાંડાગરા
પ.પૂ.સા. શ્રી અર્હનંદિતાશ્રીજી મ.સા.
(શ્રી પાર્શ્વચંદ્રગચ્છ)

મા-બાપા
ભાનુબેન ખીમજી ગાલા..............દેશલપુર (કંઠી)
ભાનુબેન જેઠાલાલ ગાલા ............દેશલપુર (કંઠી)
વિમળાબેન માવજી ગાલા............દેશલપુર (કંઠી)
વિમળાબેન તલકશી ગાલા...........દેશલપુર (કંઠી)

મોટા બાપા
વસનજી વિરજી ગાલા ................દેશલપુર (કંઠી)

ફુઈ-ફુઆ
મધુબેન વસંતલાલ નાનજી રાંભિયા ......રામાણીયા

કાકાઈ ભાઈ-ભાભી
અલ્પા રમેશ ગાલા ....................દેશલપુર (કંઠી)
વનિતા ભરત ગાલા ...................દેશલપુર (કંઠી)
જ્યોત્સના સુરેશ ગાલા ..............દેશલપુર (કંઠી)
ડૉ. રીટાબેન હરીશ ગાલા ............દેશલપુર (કંઠી)
અંજના પરેશ ગાલા ...................દેશલપુર (કંઠી)
સોનલ પ્રશાંત ગાલા .................દેશલપુર (કંઠી)
સીમા પંકજ ગાલા ....................દેશલપુર (કંઠી)
અનિતા દિપક ગાલા .................દેશલપુર (કંઠી)
શીતલ જીતેન્દ્ર ગાલા ................દેશલપુર (કંઠી)

કાકાઈ ભાઈ
કમલેશ માવજી ગાલા ................દેશલપુર (કંઠી)

કાકાઈ બેન-બનેવી
મંજુલા ગુલાબ રવજી દેઢિયા ............નાની ખાખર
નલીની ધીરજ માવજી દેઢિયા ...............કોકલીયા

ફુઈઆઈ ભાઈ-ભાભી
દિપ્તી જતીન વસંતલાલ રાંભીયા .........રામાણીયા

ફુઈઆઈ ભાઈ
દિપેશ વસંતલાલ નાનજી રાંભીયા ........રામાણીયા

મામા
હેમચંદ જેવત ઉમરશી ગંગર .............મોટી ખાખર

મામા-મામી
હંસાબેન કિશોર જેવત ગંગર.............મોટી ખાખર

માસી-માસા
તારાબેન વેણીલાલ પ્રેમજી વિસરીયા ......દે. (કંઠી)

મામાઈ બેન-બનેવી
ખુશ્બુ મેહુલ વસંતલાલ સાવલા .............લાખાપુર
સોનલ નેમીશ રાજેશભાઈ શાહ ............ભાવનગર
વિભુતી દર્શન ધીરજ ઘરોડ .......................પત્રી

માસીયાઈ બેન
કેયુરી વેણીલાલ પ્રેમજી વિસરીયા ...દેશલપુર (કંઠી)

સાળા-સાળાવેલી
ભાવિકા ભાવીન હેમચંદ લાલન................કોડાય

સાળા પુત્રી
ખુશી ભાવીન લાલન ..........................કોડાય

કાકાઈ સાસુ-સસરા
નિર્મળાબેન દિનેશ મોરારજી લાલન ...........કોડાય
દિપ્તીબેન સુનીલ મોરારજી લાલન ............કોડાય

કાકાઈ સસરા
લલીતભાઈ મોરારજી લાલન...................કોડાય

ફુઈઆઈ સાસુ-સસરા
પ્રભાબેન ચુનીલાલ શામજી સતરા..............લુણી
સરલાબેન નવિન ડુંગરશી વીરા............નાંગલપુર
સુમિત્રાબેન ખુશાલ ખીમજી સોની...દેશલપુર (કંઠી)

કાકાઈ સાળા-સાળાવેલી
ધૈર્ય દિનેશ મોરારજી લાલન ..................કોડાય

કાકાઈ સાળી-સાઢુભાઈ
કોમલ કિરણ નવિનભાઈ ગાલા......દેશલપુર (કંઠી)
મેહલ હેમેશ જીતેન્દ્ર બોડલવાલા ...............ભરૂચ

ફુઈઆઈ સાળા-સાળાવેલી
આશા અમિત ચુનીલાલ સતરા .................લુણી
ભાવિકા મેહુલ નવિન વીરા.................નાંગલપુર
નુતન અમિત કુંવરજી છેડા ......................વાંકી
ભાવના નયન અરવિંદ લાલન.................કોડાય
દિપા અજય શૈલેષ દેઢિયા ....................કોડાય
દિપીકા મેહુલ મણીલાલ ગાલા............કોટડા રોહા
અમી મેહુલ દેવચંદ ગોગરી......................બિદડા

મામાઈ સાસુ-સસરા
મીનલબેન ગિરીશ નાનજી છેડા...............ગોધરા

માસીઆઈ સાસુ-સસરા
મંજુલાબેન કુંવરજી કરમશી સાવલા.............બાડા
ભારતીબેન ગીરીશ દામજી મોતા............નવાવાસ

મામાઈ સાળી-સાઢુભાઈ
પંક્તિ ભાવિક પ્રફુલ્લ સાવલા .........નાના ભાડિયા

મામાઈ સાળી
જીલ ગીરીશ નાનજી છેડા.......................ગોધરા

માસીઆઈ સાળા-સાળાવેલી
મનીષા મયુર કુંવરજી સાવલા.....................બાડા
જીનલ દર્શન ગીરીશ મોતા..................નવાવાસ

માસીઆઈ સાળી-સાઢુભાઈ
ઉષા જયેશ નવિન નાગડા .......................ડુમરા
બિજલ ધર્મેશ કુલીનભાઈ લાપસીયા ..........કોઠારા

પરમસ્નેહી
માતુશ્રી ભાનુબેન મણીલાલ સાવલા ........કાંડાગરા
મહેશ નાનજી ગોગરી (હેતલ ફોટો આર્ટ) .....રાયણ
સ્વાતી રાજેશ કુરીયા.........................તલવાણા
રૂપા ઉત્કલ ગડા.................................બાડા
હીના શાંતીલાલ નંદુ..................નાના ભાડિયા
કુસુમ વસંત શાહ..............................લાયજા
શૈલા રમેશ કારાણી ...........................ડુમરા
દિપીકા નરેન્દ્ર શાહ.............................કપાયા
રશ્મિ કિરણ શાહ ...........................રામાણીયા
શીતલ મહેશ શાહ .................કોટડી મહાદેવપુરી
જીજ્ઞા સંજય દેઢિયા...........................વડાલા
દિના હરખચંદ ગંગર .................દેશલપુર (કંઠી)
નેહા અતુલ ગોગરી.............................ભુજપુર
જેસલ ડોલર શાહ ...........................લાખાપુર
રૂપલ ચેતન જૈન ..............................સુથરી
ધ કલબ ઈન્ફીટી બ્લડ કેમ્પ ગ્રુપ ..............ચેમ્બુર
લવલી કપલ ગ્રુપ.................ચેમ્બુર/ડૉંબીવલી
ફોટોગ્રાફર ગ્રુપ
માટુંગા બોર્ડીંગ ગ્રુપ વર્ષ ૧૯૯૦/૯૧
યુ.કે.સી.સી. ક્રિકેટ ગ્રુપ .......................ચેમ્બુર
છાયા અજય છાડવા .....................મોટી ખાખર
શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ-મુંબઈ (ચેમ્બુર)
શ્રી કચ્છી જૈન મંડળ યુથ કલ્બ ................ચેમ્બુર
શ્રી અજિતનાથ જૈન દેરાસર..........દેશલપુર (કંઠી)
અર્પિતાનું સખી મંડળ..................મુલુંડ-ચેમ્બુર
સુનીતા જયેશ ગાલા.........................કાંડાગરા
વિરતીનું મિત્ર વર્તુળ, પારકર સદનના રહેવાસીઓ

ઋણ સ્વીકાર
ડૉ. જયેશ ગોસર..............................દેવપુર

વિશેષ આભાર
શ્રીમતી બિનાબેન રાજેશ છેડા (જસ્ટ ઈન ટાઈમ) બિદડાના સ્મરણાર્થે ખારી માની સેવા, અંતિમ વિધીનો સંપૂર્ણ સામાન અને એમ્બ્યુલન્સ સેવા સંચાલક શ્રી ક. વિ. ઓ. દ્રષ્ટિ ફાઉન્ડેશન ફો ધ બ્લાઈન્ડ

**પ્રાર્થના સભા : બુધવાર, તા. ૦૮-૦૭-૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૩.૩૦ કલાકે**
**સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલીત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.), મુંબઈ-૨૮.**

(CLA-6752)

ભક્તિ ગીત : ક્રિએટીવ ઈવેન્ટ રૂપા ગડા અને સાથી કલાકારો

નિવાસ સ્થાન : જયંતિલાલ વીરજી ગાલા, રૂમ નં. ૧૧, પારકર સદન, પ્લોટ ડી-૪૦, ગાંવઠણ રોડ નં. ૧, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧.

લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.   કોઈએ શોક પાળવો નહીં.   ફોન/વોટ્સઍપ મેસેજ આવકાર્ય.   માઈક્રો વિઝન

નિપુલ - 98202 32439, ઉર્વી - 88793 86363, ભાવીન - 98198 83865   • વેલે પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે. •

નોંધઃ શરતચુકથી કોઈનું નામ રહી ગયેલ હોય અથવા નામમાં ભુલચુક થયેલ હોય તો મિચ્છામી દુક્કડમ્.   ત્વાચાદાન - ચક્ષુદાન કરેલ છે.

UPASANA-9820167767

**ચંદ્રપ્રભ મંડળનાં યાત્રા પ્રવાસો**

આપ સર્વેની માંગણી સ્વીકારીને સમેત શીખરજી યાત્રા પ્રવાસ, પાલીતાણા, શંખેશ્વર, ગિરનાર, રાજસ્થાન, અંતરીક્ષ, મધ્ય પ્રદેશ, હૈદ્રાબાદ, પંજાબ, અયોધ્યા, હીમાચલ, કેરલા કોચીન, કાશ્મીર, નેપાલ, સ્પીટીવેલી વગેરે સ્થળોએ પર્યુષણ પર્વ બાદ આપની તારીખ, આપનું ગ્રુપ, સ્વતંત્ર રસોડા સાથે. ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી શા ૯૯૨૦૩૫૨૩૭૯. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કીરણ વેરશી ગડા.

4/1/1(18) -------- (B-6741)(5-1)

**શ્રી સચ્ચા ફુડસ માટુંગા – ૧૯**

કચ્છ ગામ ધ્રબ અને ઝરપરાની મીઠી મધુર રસદાર ઓર્ગેનિક ખારેક અને લાલ મીઠા કમલમ (ડ્રેગન ફ્રુટ) ફળ મળશે. નિલેશ સંગોઈ–કપાયા. 9619015181.

4/1/1(12) -------- (B-6721)(5-2)

**હોમ લોન 7.15%* થી**

આદરણીય જ્ઞાતિજનો માટે 0%* સર્વિસ ચાર્જ હવે સરળ EMI અને ઝડપી પ્રોસેસ સાથે મળવો હોમ લોન 7.15%* થી. શીતલ ગ્રુપ બોરીવલી (વેસ્ટ) અંબાવી હાથીયાણી–7700007204.

4/1/1(15) -------- (N-6724)(5-3)

**મુલુંડ (વેસ્ટ) મુલુંડ (વેસ્ટ)**

ઓફિસ લાયક જગ્યા ભાડેથી તેમજ 2-3-4 BHK ભાડેથી. વેંચાતા લેવા સંપર્ક : રાજેશ છેડા–8291755586.

4/1/1(13) -------- (B-6719)(5-4)

**મોર્નિંગ મુડસ બ્રાન્ડ પ્રીમીયમ ધુપ સ્ટીક્સ અને અગરબત્તી**

બધા જ પ્રકારની પ્રીમિયમ ધૂપસ્ટીક્સ અને અગરબત્તી ઉપલબ્ધ છે. નાની, મોટી, પાતળી, જાડી, લાંબી સ્ટીક્સ, કપ ધૂપ, ફ્લોરલ કપ ધૂપ, શુદ્ધ ગોબર ગૌમય કપ ધૂપ, ભીમસેની કપૂર, કપૂર કોન્સ વગેરે. ફુલ સ્ટોક, ભારતભરમાં ફ્રી ડિલિવરી. FAGUN PERFUMERS, કેતન રતિલાલ દેઢિયા, કોટડા રોહા, મુંબઈ. ફોનઃ 9825497437. દરેક પ્રકારના રિટેલ/હોલસેલ આઉટલેટની ઈન્ક્વાયરી આવકાર્ય છે.

4/1/1(17) -------- (B-6744)(5-5)

**દેશ વિદેશ કુરિયર 24x7**

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Econamic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Vacuum Packing Available. Free Pick Up Service. PAC N DELIVER. M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(3) -------- (B-6418)(5-6)

**ખારેક દાડમ ખારેક**

કચ્છની મીઠી ખારેક તથા દાડમ ડ્રેગન ફ્રુટ રેડ, જાંબુ રેડ, એપલ, ગ્રીન શીંગોડા, પલ્મ વગેરે હોલસેલ ભાવે મળશે. ઓલ ઓવર મુંબઈમાં ૨ કલાકમાં ફ્રી હોમ ડીલીવરી. તમારા ઘર સુધી જય ગાલા–8169519103, 9867432947.

4/1/1(22) -------- (B-6765)(5-7)







**'શીખરજી' યાત્રાએ જવાનું વિચારો છો???**
**એક ફોન 'સાવલા N લોડાયા ટુર'**

૩૨ વર્ષથી સમાજના હૈયે અને હોઠે વસેલું નામ, 'શીખરજી' તથા કલ્યાણક ભૂમિઓની યાત્રાના નિષ્ણાંત, ભક્તિ સાથે સુપર વ્યવસ્થા આપનાર એક માત્ર ટુર સં. 9820565261 / 7021438593.

2/1/1(10) -------- (B-6715)(5-8)

**'કચ્છી સમાજના જાણીતા ગોર મારાજ'**
**! મધુકાંત પંડ્યા : ફરાદીવાલા !**

ચાંદલા વિધિ–લગ્ન–માતાજીની પહેડી સહિત સામાજિક/ધાર્મિક પ્રસંગોએ શાસ્ત્રોક્ત પધ્ધતિથી–શુધ્ધોચાર સાથે વિધિ વિધાન કરાવનારા : મધુકાંત પંડ્યા (ફરાદીવાલા/મુલુંડ) મો. 9821024181. ફોન : 25603283.

4/1/1(8) -------- (N-6712)(5-9)

**ખુબ જ અગત્યનાં નંબર**
**! મો. 9768000420 !**

છોકરાં ફોરેન ભણવા જાય છે. પોતાની મમ્મીનાં હાથનાં દાલ, પંજાબી શાક, ઉપમા ડી હાઈડ્રેડ કરીને આપશું. ઘરનાં બનેલા થેપલાં, રોટલી, પરાઠા વેક્યુમ કરીને મળશે. પધારો "Food Sport" તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ) ટાઈમ ફોન કરીને પુછી લેજો. મો. 9768000420 (દિનેશ)

4/1/1(6) -------- (B-6714)(5-10)

**"સોની કાનજી આણંદજી જ્વેલર્સ"**
**! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ–૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(7) -------- (N-6713)(5-11)

**દાદરમાં જગ્યા લેવા / વેચવા / ભાડેથી**

દરેક ધંધાને લાયક ઈંડસ્ટ્રીયલ ગાળા, કોર્પોરેટ ઓફિસ, દુકાન, પ્લોટ, ફ્લેટ, MNC માટે ઓફિસ, ડોક્ટર, સી.એ.,એડવોકેટ, આઈ.ટી. કન્સલટન્ટ અને આઈ.ટી. કંપનીઝ માટે સંપર્ક : કેતન ઉમરશી ગાલા–ભચાઉ–9892077714, 7045505510, 9167759077.

4/1/1(11) -------- (B-6722)(5-12)

શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન
ખબર પત્રિકા
ખબર પત્રિકામાં મરણ ખબર/ જાહેરાત આપવા માટે
kvoskp@gmail.com
પર ઈમેલ કરવો.
ઈમેલ મળ્યો કે નહીં તેની પુછપરછ માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો.
8104209392
ખાસ નોંધ : જે મેટર મોકલો તે વ્યવસ્થિત રીતે વંચાય એ રીતે મોકલવી.
સમય 10 થી 2 વાગ્યા સુધી
લિ. માનદ્ મંત્રીઓ
રાજેન કાંતીલાલ ધરોડ • CA પુષ્પાબેન અશોક શાહ

|| ૐ હ્રીં શ્રી સિધ્ધચક્રાય નમઃ ||    || શ્રી મલ્લીનાથાય નમઃ ||

|| શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ||

# શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ

## રત્નકુક્ષી પરિવારોની અહોભાવપૂર્ણ અભિવાદન યોજના

**દિવ્યકૃપા :** અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા

**આજ્ઞા-આશિષઃ** સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મહારાજા

**પાવન પ્રેરણા બળ :** પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ. **શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા

## પૂજ્ય અધ્યાત્મયોગી આનંદ ધનજી ના ઉદ્‌ગારો

**ધન્ય તે નગરી, ધન્ય વેળા ઘડી,**
**માત પિતા કુલ વંશ જિનેશ્વર...**
(શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન)

જે પરિવારમાં ઉછરેલા સંતાનો,
મોહને છોડી મોક્ષને...રાગને છોડી વિરાગને...
અને સંસારને છોડી સંયમને સાધવા તત્પર થયા
એવા રત્નકુક્ષિ પરિવારોને, ઉત્તમ માતા-પિતાને અને
વિશિષ્ટ કુળ વંશને ધન્ય છે... ધન્ય છે... ધન્ય છે...
એમની ભક્તિનો અવસર તો જ મળે જો મહાન સૌભાગ્ય હોય...
બનો તમો... સૌભાગ્યસંપ...



### રૂા. ૫૪,૦૦૦/-

**શ્રીમતી લીલાબેન લીલાધર પાસુ શાહ**
હ. દેવેન્દ્રભાઈ શાહ (ચાંગડાઈ)

**માતુશ્રી સાકરબેન વીરજી વોરા**
હ. ચન્દ્રા સૂર્યકાંત વોરા (મોટા લાયજા-ઘાટકોપર)

**માતુશ્રી ઉર્મિલાબેન પ્રેમચંદ શાહ**
(ગઢશીશા-ચેમ્બુર) વિનિપુલ પરિવાર

પ.પૂ.સા.ભ. શ્રી ગૌતમગુણાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી
**માતુશ્રી તારાબેન તલકશી છેડા**
(કુંદરોડી-મુલુંડ)

### રૂા. ૨૭,૦૦૦/-

**માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ ગોસર**
હસ્તે સિદ્ધ અને દેશના પારૂલ વિપુલ ગોસર (શેરડી)

**શ્રીમતી પારૂલબેન નરેન્દ્ર ચાંપસી મામણીયા**
(મેરાવા)

આપ પણ આ યોજનામાં જોડાઈ આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવજો કારણ કે સંપત્તિનું દાન સરળ છે પણ સંતતિનું દાન ખૂબ કઠીન છે.

**પૈસા ભરવા માટે વિગત**
SHREE JOGESHWARI KVO SAMAJ
HDFC BANK - A/C. No. 50200103306412 - JOGESHWARI EAST BRANCH - IFSC : HDFC0001019

દાન આપવા સંપર્ક : કચવન્ન નંદુ : 98199 79968 ▪ ઠાકરશીભાઈ ગડા : 98201 20791 ▪ મનન ગાલા : 97698 14767

લિ. રત્નકુક્ષી અભિવાદન સમિતી - શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ

જા.સૌજન્ય : શ્રીમતી મૃદુલાબેન જયંતિ વીરજી ટોકરશી છેડા
(લાયજા-માટુંગા)



(CLB-6700)    **J. J. CONSULTANTS**

BINITA S. MARU - 9869034162

# જીગરજાન દોસ્ત આપી ગયો અચાનક આખરી સલામ

# જીગરજાન મિત્રને અશ્રુભીની શ્રદ્ધાંજલી



સાથ છુટયો : તા.૬.૦૭.૨૦૨૬

# શ્રી મનોજ જયંતિલાલ ગાલા

## દેસલપુર-કંઠી / ચેમ્બુર

**અમારા પ્રિય મિત્ર, ઉત્કૃષ્ટ ક્રિકેટર અને ઉમદા વ્યક્તિત્વને ભાવભીની શ્રદ્ધાંજલી.**

તમે ખૂબ જલ્દી વિદાય લીધી,
પરંતુ અમારી યાદોમાં અને હૃદયોમાં
હંમેશા જીવંત રહેશો.

તમે માત્ર એક ઉત્તમ ક્રિકેટર જ નહોતા,
પરંતુ એક સચ્ચા મિત્ર અને અદભૂત ઈન્સાન પણ હતા.
તમારું હાસ્ય, તમારી રમત પ્રત્યેની લગન અને
તમારી મિત્રતા અમારી માટે અમૂલ્ય હતી.

તમારી સાથે વિતાવેલી દરેક ક્ષણ
અમારી યાદોમાં સદાય જીવંત રહેશે.
તમે અમારી ટીમનો, અમારી મિત્રતાનો અને
અમારા હૃદયનો અવિભાજ્ય ભાગ
બનીને હંમેશા સાથે રહેશો.

'તમે અમારી વચ્ચે નથી,
પરંતુ તમારી યાદો અને પ્રેરણા
હંમેશા અમારી સાથે રહેશે.'

